પોલીસ મહાનિદેશક અને અધ્યક્ષશ્રીની કચેરી,
ગુજરાત પોલીસ ભરતી બોર્ડ,
બંગલા નં.-ગ/૧૨, સેક્ટર-૯, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail ID: os-gprb-gnr@gujarat.gov.in

## જાહેરાત ક્રમાંક: GPRB/01/કરાર/2026

અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, ગાંધીનગર માટે કાયદા અધિકારી (Legal Executive) ની ૦૨(બે) જગ્યા ઉપર ૧૧ માસના કરાર આધારિત નિમણૂંક માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | કરાર આધારિત કાયદા અધિકારી (Legal Executive) |
| કુલ જગ્યાઓ | ૦૨ (બે) |
| વય મર્યાદા | મહત્તમ ૫૦ વર્ષ (તા.૩૧/૦૮/૨૦૨૬ ની સ્થિતીએ) |
| પગાર અને ભથ્થા | રૂા. ૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઠ હજાર પુરા) માસિક ફિક્સ એકત્રિત રકમ |
| લાયકાત અને અનુભવ | (૧) ભારતની માન્ય યુનિવર્સિટીના કાયદાના સ્નાતકની ડિગ્રી તથા કાયદાની પ્રેક્ટિસ માટે લાયક હોવા જોઇએ.<br>(૨) બેઝિક કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>(૩) ઉમેદવાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.<br>(૪) કોઇપણ અદાલતમાં ૦૫ વર્ષનો એડવોકેટ તરીકે પ્રેક્ટિસનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.<br>(૫) તે પૈકી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ઓછામાં ઓછી ૦૩ વર્ષની વકીલાતનો અનુભવ |

### (૧) કાયદા અધિકારી (Legal Executive)ની નિમણૂક માટે શરતો અને બોલીઓ.

| | |
|---|---|
| (૧) | આ નિમણૂક તેઓ હાજર થાય તે તારીખ થી પ્રથમ તબક્કે ૧૧ માસની મુદત માટેની રહેશે. |
| (૨) | નિમણૂક કરનાર કે નિમણૂક પામનારએ બંને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે. |
| (૩) | તેઓએ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, ગાંધીનગર ખાતે ફરજો બજાવવાની રહેશે. |
| (૪) | તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ નીચે મુદ્દા નં.-૨ માં જણાવ્યા મુજબની રહેશે. |
| (૫) | તેઓને રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઇઠ હજાર પુરા) ફિક્સ માસિક એકત્રિત રકમ મળવાપાત્ર થશે. |
| (૬) | ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઈપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહિ. |
| (૭) | કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિ. |
| (૮) | કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈપણ પ્રકારના નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિ. |

| | |
|---|---|
| (૯) | કરારના સમય ગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુપાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ. |
| (૧૦) | સરકારી કામકાજના દિવસો અને કચેરીનો સમય રાજ્ય સરકારા વખતો વખત જે નક્કી કરે તે મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઈ વળતર ભથ્થું આપવામાં આવશે નહીં. |
| (૧૧) | તેઓને વર્ષ દરમ્યાન ૧૧ પરચુરણ રજા અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પૂર્વમંજુરીથી મળવાપાત્ર થશે અને અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમણે વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે. |
| (૧૨) | તેઓએ અમદાવાદ/ગાંધીનગર ખાતે રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. |
| (૧૩) | તેઓએ સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ–૨ ના અધિકારી સમકક્ષ તેમને મળવાપાત્ર થતા ન્યૂનતમ પગાર મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે. |
| (૧૪) | તેઓને ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો–૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયેથી તેઓના કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે. |
| (૧૫) | તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે. |
| (૧૬) | સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે. |
| (૧૭) | વ્યવસાય વેરા કપાત ફીક્સ પગારમાંથી કરી લેવાનો રહેશે. |
| (૧૮) | નિમણૂંક સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારના ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં. |
| (૧૯) | કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહીં. |
| (૨૦) | તેઓએ દર ત્રણ મહીને કેટલા કેસમાં હાજર રહ્યા, કેટલા કેસનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદા આવ્યા અને કેટલા કેસમાં સરકાર વિરૂદ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવાહી ચોક્કસ માહીતી અધ્યક્ષશ્રીને અચૂક રજુ કરવાની રહેશે. |
| (૨૧) | સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને કચેરીને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે. |
| (૨૨) | તેઓએ ભરતી બોર્ડ નિયત કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે. |
| (૨૩) | કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી તેમના ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી તેઓ ખુલ્લી કરશે નહીં, પ્રગટ કરશે નહીં કે જાહેર કરી શકશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની રહેશે. |
| (૨૪) | તેઓની પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસના કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત થયેલી ગણાશે.<br>ગુજરાત પોલીસ ભરતી બોર્ડની જરૂરિયાતો, ઉમેદવારના કામગીરીના રેકોર્ડ અને ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત અન્ય કોઈપણ માપદંડોને આધારે આ નિશ્ચિત મુદતની નિમણૂક લંબાવી શકાય છે. |

| | |
|---|---|
| (૨૫) | પસંદગી સમિતી કામગીરીની દર ત્રણ માસે સમીક્ષા કરી, આ સેવાઓ જો સંતોષકારક જણાશે નહીં તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે. ઉમેદવારે રાજીનામું અમલમાં મૂકવા માટે પોલીસ મહાનિદેશક અને અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડને ૩૦ દિવસ અગાઉ લેખિતમાં નોટિસ આપવી પડશે. |
| (૨૬) | તેઓને નિમણૂક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં કચેરીમાં જરૂરી દસ્તાવેજો/પુરાવા સાથે ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૨૭) | ઉમેદવારે નિમણૂક આદેશની શરતો અને નિયમોના સ્વીકાર અંગે રૂ. ૧૦૦/-ના નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર પર લેખિત બાંહેધરી આપવાની રહેશે અને તેઓ "કાયદા અધિકારી (Legal Executive)" ના પદ માટે કોઈ કાયમી નિમણૂકનો દાવો કરશે નહીં. |

(૨) **કાયદા અધિકારી (Legal Executive) એ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો.**

| | |
|---|---|
| (૧) | ગુજરાત પોલીસ ભરતી બોર્ડના તમામ નામદાર નીચલી અદાલત અને વડી અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી. |
| (૨) | ગુજરાત પોલીસ ભરતી બોર્ડના નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલતા કેસોને લગતી કામગીરી. |
| (૩) | ગુજરાત રાજ્ય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી. |
| (૪) | ગુજરાત પોલીસ ભરતી બોર્ડ કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદી જુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી. |
| (૫) | ગુજરાત પોલીસ ભરતી બોર્ડ કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના/અધિકારી/ કર્મચારીઓના લાયઝનમાં રહી કોર્ટ કેસો તથા તેને આનુષાંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઈ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઈઝ રિમાર્ક્સ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત/સુનાવણી દરમ્યાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજુઆત થાય તે જોવાની કામગીરી. |
| (૬) | ઉપરોકત કામગીરી સિવાય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તરફથી કોર્ટ કેસોના જે કોઈ કામગીરી સોપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી. |
| (૭) | ઉપર્યુકત કોર્ટ કેસો અને કમિશનને લગતી કામગીરી માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઈને તેમજ જાહેરરજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઈ વધારાનું મહેનતાણુ કે ભથ્થુ મળવાપાત્ર રહેશે નહી. |

(૩) **જરૂરી સુચના:**

(૧) અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાની જાણકારી જરૂરી છે.

(૨) અરજીપત્રક સાથે " **Chairman, Gujarat Police Recruitment Board** " ના નામનો રૂ.૧૦૦/- નો નોન-રિફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

(૩) અરજી કરવાની આખરી તારીખ ૧૫/૦૯/૨૦૨૬ રહેશે. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સહિત તા.૧૫/૦૯/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, બંગલા નં. ગ/૧૨, સેકટર-૯, ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે. અધૂરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૪) સંબંધિત ઉમેદવારોને જ્યારે રૂબરૂ મુલાકાત (મૌખિક ઇન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે અને જોખમે જરૂરી તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**(૪) <u>અરજીપત્રક સાથે સામેલ રાખવાના પ્રમાણપત્રોની વિગત :</u>**

૧૧ માસના કરાર આધારિત માસિક રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઠ હજાર પુર)ના ફિક્સ વેતનથી કાયદા અધિકારીની ૦૨ જગ્યાઓ પર નિમણુક માટે અરજી કરનાર ઉમેદવારે નીચે મુજબનાં પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ ક્રમ અનુસાર સામેલ રાખવાની રહેશે. તેમજ રૂબરૂ મુલાકાત સમયે અસલમાં સાથે રાખવાના રહેશે.

(૧) અરજીપત્રક
(૨) કાયદાની સ્નાતક/અનુસ્નાતક ડિગ્રીનું સર્ટીફીકેટ.
(૩) બાર કાઉન્સિલ ઓફ ગુજરાત/ઇન્ડીયામાં નોંધણી (Registration) અંગેની સનદ.
(૪) નિયત અનુભવ અંગેનું પ્રમાણપત્ર (સક્ષમ અધિકારીના સહી-સિક્કા સાથે)
(૫) કોમ્પ્યુટર કૌશલ્યનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર
(૬) અન્ય કોઇ વધારાની લાયકાત ધરાવતા હોય તો તેનું પ્રમાણપત્ર.
(૭) "**Chairman, Gujarat Police Recruitment Board** " ના નામનો રૂ.૧૦૦/- નો નોન-રિફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ. (અસલમાં)

**Sd/-**
**(નીરજા ગોટરૂ)**
પોલીસ મહાનિદેશક અને અધ્યક્ષ,
ગુજરાત પોલીસ ભરતી બોર્ડ,
ગુજરાત રાજય, ગાંધીનગર.

## ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, ગાંધીનગર ખાતે કાયદા અધિકારી તરીકે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ

તાજેતરનો પાસપોર્ટ
સાઇઝનો કલર ફોટો

<table>
<tr><td rowspan="2">૧</td><td rowspan="2">ઉમેદરાનું પુરૂ નામ:</td><td>અટક</td><td>નામ</td><td>પિતા/પતિનું નામ</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td rowspan="3">૨</td><td>જન્મ તારીખ :–</td><td colspan="3"></td></tr>
<tr><td rowspan="2">ઉંમર (તા.૩૧/૦૮/૨૦૨૬ ની સ્થિતીએ):</td><td>વર્ષ</td><td>મહીનો</td><td>દિવસ</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td>૩</td><td>પત્ર વ્યવહારનું સરનામુ, કાયમી સરનામું:</td><td colspan="3">રહે.<br><br>મો.નં.:<br>ઈ–મેઈલ:</td></tr>
<tr><td>૪</td><td colspan="4">શૈક્ષણિક લાયકાતની વિગત (સ્નાતકથી શરૂ કરી):</td></tr>
</table>

| અ. નં. | પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|---|
| i. | | | | | | | |
| ii. | | | | | | | |
| iii. | | | | | | | |

| | | |
|---|---|---|
| ૫ | અન્ય લાયકાત: | |
| ૬ | બાર કાઉન્સિલ ઓફ ગુજરાત/ઈન્ડીયામાં રજીસ્ટ્રેશન કરાવ્યા તારીખ: | |
| ૭ | કોમ્પ્યુટર કૌશલ્યનું બેઝિક જ્ઞાન: (હા/ના) | |
| ૮ | ગુજરાતી, હિન્દી,અંગ્રેજી ભાષાનું જ્ઞાન:(હા/ના ) | |
| ૯ | વકીલાતના અનુભવની વિગતો (સમયગાળા, સ્થળ સહિત): | |

| | | |
|---|---|---|
| ૧૦ | કોઈ સંસ્થા/સરકાર(રાજય/કેન્દ્ર) સરકારી વિભાગ/ ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત: | |
| ૧૧ | અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/ બારકાઉન્સીલ દ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત/કોઈ ખાતાકીય કાર્યવાહી થયેલ હોય તો તેની વિગત: | |

**૨.** ઉપર જણાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે નિમણુંક કરતા અધિકારીશ્રીનો નિર્ણય અંતિમ રહેશે અને તે મને બંધનકર્તા છે. મે કાયદા અધિકારીની જાહેરાતના બધા જ નિયમો અને સુચનાઓ વાંચી છે. આ ઉપરાંત હું જાહેરાતમાં દર્શાવેલ શરતોને અનુરૂપ પાત્રતા ધરાવું છું.

**સ્થળ:**
**તારીખ:** / /૨૦૨૬

**(ઉમેદવારની સહી)**

**નોંધ:**

(૧) ઉમેદવારે રહેઠાણનું સરનામું (પીનકોડ સહિત) તથા મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે.
(૨) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે.
(૩) અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.

## બાંહેધરી પત્રક

આથી હું ..........................................................................................જાહેર કરૂં છું કે, ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો તે ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ: ...........................

.......................
ઉમેદવારની સહી

**નોંધ:** અરજી સાથે કોઈપણ અસલ પ્રમાણપત્રો મોકલવા નહીં (ડીમાન્ડ ડ્રાફ્ટ સિવાય) ફકત સ્વ-પ્રમાણિત નકલ જોડવી.